19/c

વાહન વ્યવહાર નિયામકની કચેરી,

જાહેરનામું

"એ" ૧૪, બહુમાળી મકાન, લાલદરવાજા,

અમદાવાદ. તા. ૧૩-૧૨-૧૯૯૬

ગુજરાત મોટર વાહન નિયમો. ૧૯૮૯

નં. આરએન્ડડી. જીએમવીઆર. ૨૦૨(૨)—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ: ૨૦૨ના પેટા નિયમ (૨)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી અરવિંદ અગ્રવાલ, આઇ. એ. એસ. વાહન વ્યવહાર નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ મોટર વાહનોની લાઇટો ચાલુ હોય, ત્યારે કોઇ વ્યક્તિને અંજાઇ જવાના જોખમ અથવા ખોટી અડચણ કરતી અટકાવવા, આથી ગુજરાત રાજ્યમાં ફરતાં સર્વે મોટર વાહનો (ટુવ્હીલર અથવા થ્રીવ્હીલર વાહનો સિવાય)ની જમણી બાજુના હેડ લેમ્પને તેના ઉપરના ઘેરાવથી શરૂ કરી બુલ્સ આઇ ખુલ્લી રહે તે રીતે નીચે જતી અને બુલ્સ આઇને સ્પર્શ કરતી રેખા સુધીના ભાગને હળવા પીળા રંગથી રંગવાનો હુકમ કરું છું. ડાબી બાજુની હેડ લેમ્પ રંગ્યા સિવાય રાખવાની છે.

વાહનનું દશ્યમાન વર્ણન નીચે મુજબ છે.

વાહનની આગળથી જોઈ શકાય તે પ્રમાણે દશ્ય.




x = જમણી બાજુની હેડલેમ્પ

y = ડાબી બાજુની હેડલેમ્પ

z = હળવા પીળા રંગથી રંગાયેલ જમણી બાજુના હેડલેમ્પનો ભાગ.

B = બુલ્સ આઈ

આ હુકમ ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

(અરવિંદ અગ્રવાલ)

વાહન વ્યવહાર નિયામક,

ગુ.રા.